# શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા

## **શ્રી નિર્વાણ કલ્યાણક પૂજા પ્રારંભ**

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ |

દુહા

તીર્થંકર જીન કેવલી, ચોત્રીસ અતિશયવંત

પ્રેમ થકી પૂજો ભવિ, સિધ્ધ બુદ્ધ ભગવંત ||

ચાર અતિશય જન્મથી, કેવળી થયે અગિયાર

નવ દશ અતિશય સૂર કરે, અદભુત ગુણ ભંડાર ||

ઢાળ

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમાં જિનરાજ જી રે

પરમાનંદી પરમાત્મા રે, શાશનના શિરતાજ હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

નિર્મલ નિરોગી, તન અતિ રે, શ્વાસે સુગંધ અપાર જી રે

માંસ રુધિર અતિ, ઉજળું રે, દેખે ન કોઈ આહાર હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

યોજન-ગામી વાણી વદે રે, પાંત્રીશ ગુણયુત્ત સાર જી રે

તાપ ત્રિવિધ નડે નહી રે, પાંચશે કોશ વિસ્તાર હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

ધર્મચક્ર ધ્વજ ચામરે રે, સિંહાસન ત્રણ છત્ર જી રે

કનક કમલ પ્રભુ પગ ઠવે રે, મંદ પવન સર્વત્ર હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

વરસે ફૂલ સુગંધ-જારે, ઋતુ અનુકૂલ થાય જી રે

નખ કેશ વધતા નહીં રે, સુર કોડી સેવે સદાય હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

ચાર મુખે દીયે દેશના રે, ચોત્રીશ અતિશયવંત જી રે

વિહરતા અવનિ પર રે, કરે ઉદ્ધાર અનંત હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

માત પિતા પ્રસન્નચંદ્રજી રે, દશાર્ણ આદ્ર કુમાર જી રે

શાલિભદ્ર ધનશેઠજી રે, શ્રેણિક મેઘકુમાર હો જિનજી

આનંદકારી અરિહંતજી રે

સતી ચંદનબાળાને બારણે, પ્રભુ આવી ઉભા છે પારણે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

હો સતી ચંદનબાળાને બારણે, પ્રભુ આવી ઉભા છે પારણે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

ચંદનબાળા મૃગાવતી રે, સુજયેષ્ઠા સન્નાર

નર નારી એમ તારીયા રે, જિનવર પરમ ઉદાર

હો એના દુઃખના દહાડા વીત્યા રે, એણે દર્શન દેવનાં કીધાં રે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

ચૌદ સહસ સાધુ થયા રે, ગણધર છે અગિયાર

છત્તીસ સહસ તે સાધવી રે, કેવળી સાતસેં સાર

હો એની ભિક્ષા પ્રભુએ લીધી રે, એમણે આશિષ ઉરની દીધી રે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

અવધિજ્ઞાની તેરસે રે, વાદી ચઉ શત સાચ

વૈક્રિયલબ્ધિ મુનિ સાતસેં રે, મનઃપર્યવ શત પાંચ

હો એણે મારગ વીરનો લીધો રે, એણે મનખો ઉજળો કીધો રે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

નવ સહસ દોઢ લાખ છે રે, શ્રાવક શુદ્ધાચાર

સહસ અઢાર ત્રણ લાખનો રે, શ્રાવિકા પરિવાર

હો સતી ચંદનબાળાને બારણે, પ્રભુ આવી ઉભા છે પારણે

એનું જીવતર ધન્ય ધન્ય થાય

  

મહાવીરકે સંતાન હૈ હમ, મહાવીરકે અનુયાયી હૈ

સારે જગમેં વીર પ્રભુકા શાશન જય જયકાર હૈ

મહાવીરકે સંતાન હૈ હમ, મહાવીરકે અનુયાયી હૈ

સારે જગમેં વીર પ્રભુકા શાશન જય જયકાર હૈ

જૈનમ્ જયતિ શાશનમ્, જૈનમ્ જયતિ શાશનમ્ (૨)

ચઉદસ પૂરવી ત્રણસેં રે, સૂર નરનારી વિશેષ

અધમ ઉદ્ધારણ નાથજી રે, વિચરે દેશ વિદેશ

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમાં જિનરાજ

પરમાનંદી પરમાત્મા રે, શાશનના શિરતાજ

જૈનમ્ જયતિ શાશનમ્, જૈનમ્ જયતિ શાશનમ્ (૨)

ચંપા ભદ્રિકા ને મિથિલા રે, વૈશાલીપુર વાસ

રાજગૃહી આદિ પૂરી રે, સ્વામી રહ્યા ચોમાસ

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમાં જિનરાજ

પરમાનંદી પરમાત્મા રે, શાશનના શિરતાજ

જૈનમ્ જયતિ શાશનમ્, જૈનમ્ જયતિ શાશનમ્ (૨)

પ્રભુજી આવ્યા પાવાપુરી રે, ચરમ ચોમાસા કાજ

યશોભદ્ર વીર વંદીયે રે, જગજીવન જિનરાજ

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમાં જિનરાજ

પરમાનંદી પરમાત્મા રે, શાશનના શિરતાજ

જૈનમ્ જયતિ શાશનમ્, જૈનમ્ જયતિ શાશનમ્ (૨)

મહાવીરકે સંતાન હૈ હમ, મહાવીરકે અનુયાયી હૈ (૨)

સારે જગમેં વીર પ્રભુકા શાશન જય જયકાર હૈ (૨)

જૈનમ્ જયતિ શાશનમ્, જૈનમ્ જયતિ શાશનમ્ (૨)

દુહા

કાર્તિક માસ અમાવસી, રજની સ્વાતિ ચંદ

સોલ પ્રહર દઈ દેશના, શ્રી મહાવીર જિણંદ ||

છઠ્ઠ તપશાલી નાથજી, સુરવંદિત જગભાણ

પૂરણ પરમાનંદ યુત, પામ્યા પદ નિર્વાણ ||

ભાવ દિપક જાતા થકાં, દીવડા કરતા રાય

સુર સહુ નિજ કરણી કરે, જય જય ધ્વનિ થાય ||

દાઢાદિક લઈને રચે, રત્ન થૂભ મનોહાર

નંદીશ્વર ઉત્સવ કરે, કલ્યાણક સુખકાર ||

## ઢાળ

મારા પ્રભુની વધાઈ વાગે છે, મહાવીરની વધાઈ વાગે છે

જય મહાવીર જગત ઉપકારી રે (૨)

ત્રિભુવન નાયક તીર્થંકર પ્રભુ, તાર્યા કંઈ નર નારી રે

જય મહાવીર જગત ઉપકારી રે (૨)

શરણાઈ સુર નોબત બાજે (૨)

આ આ આ આ આ આ આ

શરણાઈ સુર નોબત બાજે

ઘોર ઘનન ઘન ગાજે છે, મોર થનન થન નાચે છે

ઢોલ ધનન ધન બાજે છે

જય મહાવીર જગત ઉપકારી રે

સિદ્ધ બુદ્ધ મુક્તાત્મા સ્વામી, આત્માનંદી આતમરામી

ચોત્રીશ અતિશય ધારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

પૂર્ણપુરુષ પરમાતમ દેવા, સુર નર ઈંદ કરે નિત સેવા

જિનવર જ્યોતિ ધારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

અજર અમર પ્રભુ નાથ નિરંજન, કર્મ અનંતા કરે નિકંદન

સકલ જંતુ હિતકારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

અકલ અસંગ વળી અવિનાશી, કેવલી લોકાલોક પ્રકાશી

અદભુત આનંદકારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

મહા ગોપ મહામાહણ સ્વામી, દોષ અઢાર રહિત નિષ્કામી

ગુણ અનંતા ધારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

(ચગાવવું)

દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, સહજાનંદ સમાધિ માણે

અક્ષય પદ દાતારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

વર્ષ બહોંતેર કેરું આયુ, પૂરણ પુન્યથકી સોહાયું

આપ વર્યા શિવનારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

ગૌતમ દૂર હતો તે ટાણે, સુણી નિર્વાણ વિષાદ તે આણે

શોક કરે બહુ ભારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

શોક કરંતા સમતા ધારે, કેવલજ્ઞાન થયું તે વારે

ઉત્સવ શોભા ન્યારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

પારસનાથ ને વીર જિનેશ્વર, વરસ અઢીસેં કેરું અંતર

શાશનનાં સુખકારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

પંચકલ્યાણક ઉત્સવ કરીયે, પૂજન કરતાં ભવ દુઃખ હરિયે

મૂરતિ મંગલકારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

પૂજા કરતાં ભાવના ભાવો, ઘર ઘર આનંદ મંગલ ગાવો

ગાવો જિનવર જયકારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

તીર્થોધ્ધારક નેમિસૂરીશ્વર, સુરિ વિજ્ઞાન ને કસ્તુર ગુરુવર

યશોભદ્ર જાઉં વારી રે, જય મહાવીર જગત ઉપકારી રે

મારા પ્રભુની વધાઈ વાગે છે, મહાવીરની વધાઈ વાગે છે (૨)

(ધૂન)

માતા ત્રિશલાના જાયા રે જય જય મહાવીરા (૨)

સિદ્ધારથના નંદન રે, જય જય મહાવીરા (૨)

જય જય મહાવીરા, બોલો જય જય મહાવીરા (૨)

માતંગ યક્ષ દેવ રે, જય જય મહાવીરા (૨)

સિદ્ધાયિકા દેવી રે, જય જય મહાવીરા (૨)

જય જય મહાવીરા, બોલો જય જય મહાવીરા (૨)

કાવ્યમ

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુકખકાલે |

મહંકરેજ્જાડસુરસુરઈંદા, જએઉસોવીર-જિણિન્દનાહો ||

મંત્ર:

હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલમ, ચંદનમ, પુષ્પમ, ધૂપમ,

દીપમ, અક્ષતમ, નૈવેધ્યમ, ફલમ, યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

શ્રી નિર્વાણ કલ્યાણકે પંચમ પૂજા સમાપ્ત